ગાંધીનગર સમાચાર

ધોળેશ્વર મહાદેવે યુવાનોનું પ્રેરક શ્રમદાન

# સ્વામીનારાયણ મંદિર ખાતે અહોભાગ્યમ્ કાર્યક્રમ







ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ સ્થિત સ્વામીનારાયણ મંદિર ખાતે સ્વામીનારાયણ યુવક મંડળને ૨૫ વર્ષ થતાં ભગવત કૃપા પર્વનું આયોજન કરવામાં આવ્યું છે આ પર્વ દરમિયાન ગત રાત્રીએ અહો ભાગ્યમ્ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મંદિર દ્વારા ચાલતી સેવાકીય પ્રવૃત્તિઓની ઝાંખી દર્શાવાઈ હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં હરિભક્તો હાજર રહ્યા હતાં.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ સ્થિત સ્વામીનારાયણ મંદિર ખાતે ભગવત કૃપા પર્વની ઉજવણી ચાલી રહી છે. જેમાં હરિકૃપા પ્રદર્શનમાં બદ્રીનાથ પ્રતિકૃતિ સુંદર રીતે તૈયાર કરવામાં આવી છે. આ પ્રદર્શન નિહાળવા મોટી સંખ્યામાં નગરજનોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ભગવત કૃપા પર્વના પાવન પ્રથમ દિવસે રાત્રે ૮.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ અહો ભાગ્યમ યોજાયો હતો. આ કાર્યક્રમ પનઘટ કલા કેન્દ્રના ભાવિન પટેલના માર્ગદર્શન હેઠળ મંદિરના યુવાનોએ અહો ભાગ્યમ્ સાંસ્કૃતિક કાર્યક્રમ રાસ, ગીત, સંગીતના સથવારે રજૂ કર્યો હતો. આ કાર્યક્રમમાં મંદિર વિશેની સમજ અને મંદિરમાં ચાલતી સેવાકીય પ્રવૃત્તિઓને દર્શાવાઈ હતી. સમાજમાં ઘરમાં કેવી રીતે સંપ સદભાવ ભર્યું વાતાવરણ રહી શકે તે અંગે સુંદર માર્ગદર્શન આ કાર્યક્રમ થકી આપવામાં આવ્યું હતું. ભગવાનના ગુણ ગાતા ગાતા બાળકો દ્વારા સુંદર રીતે વાતો રજુ કરાતા હાજર હરિભકતોમાં આનંદ છવાયો હતો. કાતિલ ઠંડીમાં પણ હરિભકતોની હાજરી ઉડીને આંખે વળગે તેવી હતી. સુંદર મજાના શામિયાણામાં આકર્ષક લાઈટીંગ અને સંગીતના સથવારે કાર્યક્રમની મોજ હરિભકતોએ માણી હતી.

## સે-૨૩ સ્વામીનારાયણ મંદિરથી ભવ્ય નગરયાત્રા નીકળશે

ગાંધીનગર શહેરના સે-૨૩ સ્વામીનારાયણ મંદિર ખાતે ભગવત કૃપા પર્વની ઉજવણીના ભાગરુપે આજે બપોરે ૨ કલાકે મંદિરેથી ભવ્ય નગરયાત્રા નીકળશે. આ નગરયાત્રા શહેરના વિવિધ માર્ગો પર ફરીને સાંજે ૭.૦૦ કલાકે નીજ મંદિરે પરત ફરશે. આ નગરયાત્રામાં પર્યાવરણ જાગૃતિ, બેટી બચાવો, મહિલા સશકિતકરણ, વ્યસન મુકિત, વન સંરક્ષણ, વિજ્ઞાન ટેકનોલોજી, વાંચે ગુજરાત, સ્વચ્છતા, સંત મહિમા, ભગવત કૃપા પર્વ, ટ્રાફિક નિયમન, જળ, ખોરાક, કિર્તન ભકિત સહિતના ટેબલોના નિદર્શન દ્વારા નગરજનોને જાગૃત કરવામાં આવશે. સમાજમાં સુલેહ-શાંતિ-સદભાવ જળવાઈ રહે તેવા શુભ આશયથી નગરયાત્રાનું આયોજન મંદિર દ્વારા કરવામાં આવ્યું છે. આ નગરયાત્રામાં પાંચ હજાર હરિભકતો જોડાશે.

સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે ગત રોજ મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બ્લડસુગર, બીપી, સાંધના દુખાવા માટેની આયુર્વેદિક અગ્નિકર્મ પધ્ધતિને લગતી સારવાર આપવામાં આવી હતી. આ કેમ્પમાં ૩૫૦થી વધુ દર્દીઓએ મેડીકલ સેવા મેળવી હતી. આ કેમ્પમાં તબીબી સેવા ડૉ. ખીલન મણીયાર, વૈદ્ય ડૉ. હિતેષભાઈ, ડૉ. હાર્દિકભાઈ તેમજ વૈદ્ય ક્રિશ્નાબેને પુરી પાડી હતી.

## @ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે આયોજિત ભગવત્ કૃપા પર્વ અંતર્ગત સવારે ૮.૦૦ કલાકે શ્રી હરિ મહાવિષ્ણુયાગ, બપોરે ૨.૩૦ કલાકે સમાજોત્કર્ષ નગરયાત્રા અને રાત્રે ૮.૦૦ કલાકે આરોગ્ય વિષયક જાગૃતિ કાર્યક્રમ યોજાશે.

● સે-૧૬માં સોમનાથ મહાદેવ સામે સવારે ૯-૦૦ કલાકે શ્રમજીવી પરિવારોના બાળકો માટે ચિત્ર સ્પર્ધા યોજાશે.

● નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા બપોરે ૩.૩૦ કલાકે સે-૨૩ના મહર્ષિ અરવિંદ કેન્દ્ર ખાતે મંડળનો સ્થાપના દિવસ ઉજવાશે અને સ્નેહ મિલન સમારંભ યોજાશે.

● સંસ્કૃત ભારતી દ્વારા સાંજે ૪ કલાકે સે-૧૨માં મેડિકલ કોલેજના ઓડિટોરિયમમાં સંસ્કૃત ભાષાનું પ્રાંતિય અધિવેશન યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## દલિત સેના દ્વારા સ્નેહમિલન તેમજ નિવૃત્ત કર્મચારી સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા તાજેતરમાં ડૉ. આંબેડકર ભવન ખાતે સ્નેહમિલન અન નિવૃત્ત કર્મચારીનો સન્માન સમારોહ જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં સેનાના કાર્યકરો હાજર રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે ડૉ. આંબેડકરને ફુલહાર અને તેમના વિચારો રજુ કરવામાં આવ્યા હતા. અધ્યક્ષે નવા વર્ષની શુભકામના હોદ્દેદારોને પાઠવી હતી તેમજ આંબેડકરના વિચારો, સંસ્થાની પ્રવૃત્તિ અને ગુજરાતમાં દલિતોના પ્રશ્નોને વાચા આપવા સેનાની ભૂમિકા નક્કી કરવા જણાવ્યું હતું. આગામી ૯ જાન્યુઆરીના દિવસે દિલ્હી ખાતે દલિતસેનાની બેઠકમાં હાજર રહેવા જણાવાયું હતું. આ પ્રસંગે નિવૃત્ત કર્મચારી મોહનભાઈ બાલુવાકર, પી.એમ. પરમાર, ડાહ્યાભાઈ પરમાર, રમેશભાઈ વાણીયાનું ફુલહારથી સન્માન કરાયું હતું. નવરાત્રીમાં રાસ ગરબામાં વિજેતા વિપુલ ડોડીયા, સંત કરસનભાઈ સોલંકી, પ્રદેશ પ્રમુખ ડાહ્યાભાઈ પરમાર, રમેશભાઈ કઠેરીયા, મીનાક્ષી પ્રજાપતિ, કંકુબેન પરમાર આમંત્રિત મહેમાનનું સ્વાગત કરાયું હતું. આ કાર્યક્રમનું સફળ સંચાલન વીરમભાઈ બામણીયાએ કર્યુ હતું. આભારવિધિ વિપુલ ડોડીયાએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા પુષ્પાબેન ડોડીયા, પી.એમ. પરમાર, દિનકરભાઈ, મયંકભાઈ, કરસનભાઈ, દાનાભાઈ, તુલસીભાઈ, પ્રવીણભાઈ વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

## લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા સે-૭ની શાળાના બાળકો સાથે પ્રવાસ યોજાયો



લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા દત્તક લીધેલી સેકટર-૭ની સરકારી પ્રાથમિક શાળાના ૬૨ વિદ્યાર્થીઓનું પ્રવાસનું આયોજન કરાયું હતું. જેમાં બાળકોને ગાંધીઆશ્રમની મુલાકાત કરાવી હતી. ત્યારબાદ રીવરફ્રન્ટ પર રમત ગમતની મજા માણી હતી. આ કાર્યક્રમમાં પ્રમુખ વૈશાલીબેન જોષી, મંત્રી દક્ષાબેન જાદવ, ખજાનચી મીતલબેન, પલ્લવીબેન, રીટાબેન શાહે બાળકો સાથે રહી સમજણ પુરી પાડી હતી. શાળાના આચાર્ય અને શિક્ષકગણે સાથ સહકાર પુરો પાડયો હતો.

## રંગોલી ગ્રુપ દ્વારા ‘પ્રોજેક્ટ સંવેદના’નો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૪

રાજયભરમાં શિક્ષણક્ષેત્રે અગ્રેસર રંગોલી ગ્રુપ દ્વારા સામાજીક જવાબદારીના ભાગરુપે ‘પ્રોજેકટ સંવેદના’નો પ્રારંભ કરવામાં આવ્યો છે. સમાજ પાસેથી મેળવેલું તેને પરત આપવા અને બાળકોમાં પોતાની ચીજવસ્તુઓ જરૂરીયાતમંદોને વહેંચવાની આદળ કેળવાય તે ઉદ્દેશ સાથે સમગ્ર રાજય ખાતેની રંગોલી ગ્રુપની તમામ શાળાઓમાં આ પ્રોજેકટ શરુ કરવામાં આવ્યો છે. આ પ્રોજેકટ અંતર્ગત સૌ નગરજનોને ઘરમાં પડી રહેલા વાપરી શકાય તેવા જુના કપડા, રમકડા, અથવા પુસ્તકો નજીકની રંગોલી પ્રિ સ્કુલ અથવા ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે પહોંચાડવા જણાવાયું છે. તમામ ચીજવસ્તુઓનું જરૂરીયાતમંદ વર્ગમાં વિતરણ કરવામાં આવશે આ પ્રોજેકટમાં રોકડ રકમ સ્વીકારવામાં આવતું નથી. રંગોલી ગ્રુપના ચેરમેન પ્રહર અંજારીયાએ પ્રોજેકટને સફળ બનાવવા સર્વે નગરજનોને ઉદારકામે યોગદાન આપવા અનુરોધ કર્યો છે.

## ‘સુરક્ષિત’ શહેરમાં ધોળે દિવસે બે સ્થળે લુંટ

**સે-૧૨ બલરામ ભવન પાસે એક વિદ્યાર્થીનું મોં દબાવી બે લુંટારૂઓ મોબાઈલ, વીંટી અને રોકડા રૂપિયા લુંટી ગયા : સે-૭માં ચાલુ કોલે મોબાઈલ લુંટી બાઈક પર આવેલા બે શખ્સો રફફુચક્કર થઈ ગયા**

ગાંધીનગર, તા.૨૪

કહેવાતા ‘સુરક્ષિત’ શહેર ગાંધીનગરમાં સામાન્ય ચોરી-ઘરફોડ તો બીલકુલ સામાન્ય જ બની ગઈ છે. પરંતુ હવે તો હત્યા અને લુંટ જેવા ગંભીર પ્રકારના ગુનાઓ પણ જાણે સામાન્ય બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. શહેરના બે વિવિધ સ્થળોએ લુટારૂંઓ ધોળે દિવસે લુંટ કરીને સરકી ગયા છે તે પણ સાવ રમત કરવા નીકળ્યા હોય તે રીતે બિન્દાસ્તપણે લુંટ કરી ગયા હતાં બંને લુંટ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

માણસા વિસ્તારમાં રહેતા અને સેકટર-૧૩ ખાતે આઈલેટસની પરીક્ષાની તૈયારી માટે કલાસીસ કરતાં ૧૯ વર્ષીય વિદ્યાર્થી માનુસ પુનમભાઈ પટેલ આજે સવારે ગાંધીનગર ડેપોમાં ઉતરીને ચાલતા ચાલતા સેકટર-૧૨ બલરામ ભવન તરફથી કલાસીસ તરફ જઈ રહ્યો હતો. બે યુવાનો તેની પાસે બલરામભવન નજીક આવ્યા અને વિરમગામ જવા માટે બસ કયાંથી મળશે? તેમ પુછીને મોં દબાવી સોનાની વીંટી, બે મોબાઈલ અને રૂ. ૫ હજાર રોકડા મળી આશરે રૂ. ૩૪ હજારની મત્તાની લુંટ ચલાવી બંનેએ માનુસને ઝાડીઓમાં ફેંકી દીધો અને દોડીને ભાગી ગયા હતા. માનુસે આ બંનેને એસટી ડેપોમાં પણ જોયા હોવાનું તે જણાવી રહ્યો છે. તો બીજી તરફ સેકટર-૭-સી પ્લોટ નં. ૯૮૧/૧ ખાતે રહેતો અને સે-૧૫ની કોલેજમાં માઈક્રોબાયોલોજીનો અભ્યાસ કરતો યુવાન અમર કાન્તિભાઈ પટણી ગઈ કાલે બપોરે ઘર પાસે મોબાઈલ પર વાત કરતા કરતા ચાલતો હતો હતો ત્યારે બાઈક પર ડબલ સવારી બે શખ્સો તેની નજીક આવ્યા અને સાડા વાર વાગ્યાના અરસામાં મોબાઈલ લુંટી બાઈક પર રફફુચક્કર થઈ ગયા હતાં. સે-૭ પોલીસે ધોળે દિવસે થયેલી બંને લુંટ અંગે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

## ગજાનન સમિતિ દ્વારા ૫ શાળાઓમાં આરોગ્યલક્ષી કાર્યક્રમ યોજાયો



શહેરની સેવાકીય સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અંતરીયાળ શામળાજી વિસ્તારની ૫ શાળાઓમાં શાળા આરોગ્યનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૪૩૩ બાળકોને આરોગ્ય ચેક કરી દવા આપવામાં આવી હતી.

શહેરની શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારના અંતરીયાળ વિસ્તારની ટીંટોઈ, બ્રહ્મપુરી, લાલપુર, શામળપુર, વજાપુર તથા સુનોક આશ્રમ શાળામાં ઉપસ્થિત ૪૩૩ વિદ્યાર્થીઓના આરોગ્યની તપાસ ડૉ. ચીતાણીયા તથા ડૉ. બોઘાણી દ્વારા કરવામાં આવી હતી. તપાસ કરી વિદ્યાર્થીઓને જરુરી દવાનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમમાં ગોપાલભાઈ ગામેતી, મિલિન્દભાઈ તેમજ કમલેશભાઈ હાજર રહ્યા હતા. આ પ્રસંગે એસ.બી.આઈ.ના એ.જી.એમ. બળદેવભાઈ પટેલ દ્વારા પ્રોત્સાહન પુરું પડાયું હતું. તમામ શાળાના શિક્ષક ભાઈ બહેનોનો સહકાર સાંપડયો હતો.

## વાતવાતમાં

● નાતાલ પર્વ નિમિત્તે સમગ્ર શહેરમાં કેટલાક મોટા શૉ રૂમ ધારકો દ્વારા ‘સાંતાકલોઝ’ની મદદથી ઘરાકી ખેંચવા પ્રયત્નો હાથ ધરાયા છે. આ માટે સાંતાકલોઝના ગેટઅપમાં કલાકાર શૉ રૂમ આગળ સજાવેલ ક્રિસમસ ટ્રી પાસે ઉભા રહી બાળકોને ચોકલેટસ, ફુગ્ગા અને નાના રમકડાં વહેંચતા નજરે ચઢે છે.

● ચાર દિવસની સળંગ રજાઓ હોઈ તેમજ નાતાલનું પર્વ હોવાથી શહેરની હોટલો-રેસ્ટોરન્ટસ દ્વારા સારી ઘરાકી રહેશે તેવી આશા સેવાઈ રહી છે. આ કારણે તમામ હોટલો અને રેસ્ટોરન્ટસ દ્વારા તાજા શાકભાજી, દૂધ, સીધુ સામાન વગેરેની મોટા પાયે ખરીદી કરી સ્ટોક કરી લેવાયો છે.

● શહેરના ઘ-૫ સર્કલે ગત ઓગસ્ટમાં યોજાયેલ રાખી મેળાનું સરકારી હોર્ડિંગ્સ હજુ જેમનું તેમ છે. માત્ર આજ નહી પરંતુ ખ-૩ સર્કલ, સરગાસણ ચાર રસ્તા સહિત અનેક ઠેકાણે ઘણા બધા જૂની સરકારી જાહેરાતોના હોર્ડિંગ્સ જેમના તેમ ઝુલે છે.

● શહેરના એક રહેવાસીના ઘરે આગામી રવિવારે એક સામાજિક પ્રસંગનું આયોજન થતા તેમને સે-૨૨ની બેકમાં લોકરમાં મુકેલા કિંમતી દાગીના યાદ આવ્યા હતા. જો કે બેંકમાં ચાર દિવસ રજા હોવાથી તેમણે બ્રાન્ચ મેનેજર સહિત કર્મચારીઓનો સંપર્ક સાધ્યો પરંતુ અંતે તો દાગીના પહેર્યા વગર જ પ્રસંગ ઉજવવો પડશે.

● શહેરના ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલના દિકરા મોહિલને ધો-૧૨ સાયન્સના ત્રીજા સેમેસ્ટરમાં એ ગ્રેડ પ્રાપ્ત થયો છે. પુત્રના સારા પરીણામથી કાર્તિકભાઈએ સ્નેહીજનોને મિઠાઈ ખવડાવી મ્હોં મીઠું કરાવ્યું હતું.

● નગરમાં અનેક ઠેકાણે નવ વર્ષની ઉજવણી માટે પાર્ટીઓનું આયોજન તો કરાઈ ગયું છે પરંતુ રાત્રે ૧૦ વાગ્યા સુધી જ લાઉડ સ્પીકર્સ વગાડવાની પરવાનગી હોવાથી આયોજકો ચિંતામાં મુકાયા છે. ૧૨ના ટકોરે કરાતી નવ વર્ષની ઉજવણી હવે બે કલાક વહેલી કરી શકાય કે કેમ તેની દ્વિધા તેમને સતાવી રહી છે.

- સમીર રામી, મો. ૯૯૨૪૪૪૬૬૪૫

## દુઃખદ અવસાન

માણેકલાલ સુમનભાઈના નાનાભાઈ તેમજ હિતેષભાઈ અને ડૉ. રાકેશભાઈના પિતાશ્રી સ્વ. નટવરલાલ મંગળદાસ વૈદ્ય (આંબલીવાળાનું) દુઃખદ અવસાન થયું છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૫ ડિસેમ્બરના રોજ પ્લોટ નં. ૩૯ કેશવપાર્ક સોસાયટી, વાવોલ-કોલવડા રોડ ખાતે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન રાખવામાં આવ્યું છે.

# ધોળેશ્વર મહાદેવે યુવાનોનું પ્રેરક શ્રમદાન

**સાબરમતી નદીના પટમાં સહેલાણીઓએ ફેલાવેલી ગંદકી દૂર કરવા સાત યુવાનોનો પાંચ દિવસનો અથાગ પરિશ્રમ : ખંડિત મૂર્તિઓનો આદરપૂર્વક યોગ્ય નિકાલ કર્યો : સ્વયંભૂ સ્વચ્છતા અભિયાનનું પ્રેરક ઉદાહરણ**

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના યુવાનોમાં સ્વચ્છતા જાળવણી અંગે ઘણી બધી સભાનતા જોવા મળે છે. જે ભવિષ્યના જવાબદાર નાગરિક બનવાનો પુરાવો આપે છે. તાજેતરમાં જ શહેરના કેટલાક યુવાનોએ સુપ્રસિધ્ધ ધોળેશ્વર મહાદેવ ખાતે નદીના પટમાં મુલાકાતીઓ દ્વારા ફેલાવાતી ગંદકી દૂર કરવાનું બીડું ઝડપ્યું હતું. સાત યુવાનોએ ૫ દિવસ સુધી અથાગ મહેનત હાથ ધરી સમગ્ર પટમાં સહેલાણીઓ દ્વારા ફેંકવામાં આવેલ નકામી ચીજવસ્તુઓ અને અન્ય કચરો એકત્ર કરી તેનો નિકાલ કર્યો હતો.

ભારતના લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૧મી સદીને યુવાનોની સદી ગણાવતા સ્વચ્છ ભારત અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે. નરેન્દ્ર મોદી યુવાનોમાં ખૂબ લોકપ્રિય છે અને તેમના દ્વારા કરાયેલા આહવાનને ગાંધીનગરના કેટલાક યુવાનોએ ગંભીરતાથી સ્વીકારી પોતાના જીવનમાં સ્વચ્છતાના ગુણ અપનાવવાનું નક્કી કર્યું છે. એટલું જ નહિ આ યુવાનો જાહેર સ્થળોએ ફેલાવાતી ગંદકી અંગે પણ ભારે ચિંતાતુર છે. આ કારણે તાજેતરમાં જ આ યુવાનોએ ગાંધીનગરના સુપ્રસિધ્ધ યાત્રાધામ ધોળેશ્વર મહાદેવ ખાતેથી પસાર થતી સાબરમતી નદીના પટમાં સહેલાણીઓ દ્વારા ફેલાવાતી અસ્વચ્છતાને દૂર કરવા કમર કસી હતી. યુવાનીના જે સમયે ધોળેશ્વર મહાદેવ નજીકના નદીમાં પટમાં પોતાના પ્રેમીજનો સાથે છાનગપતિયાં કરવા આવતા હોય છે તેટલી જ ઉંમરના આ યુવાનોએ સ્વયંભૂ સ્વચ્છતા અભિયાન હાથ ધરતા તેમને જોઈ અનેક મુલાકાતીઓ મોઢામાં આંગળા નાંખી ગયા હતા.



ધોળેશ્વર મહાદેવ નજીક સાબરમતી નદીના પટમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરી ઉમદા કાર્ય કરનારા યુવાનોમાં લક્કીરાજસિંહ જાડેજા, કોમલ ચૌધરી તેમજ તેમના મિત્ર વર્તુળના અન્ય પાંચ યુવાનોનો સમાવેશ થાય છે. ધોળેશ્વર મહાદેવ મંદિરે દર્શનાર્થે ગયેલા આ યુવાનોને નદીના પટમાં ફેલાયેલી ગંદકી આંખમાં ખણાની માફક ખૂંચી હતી. આ કારણે તમામ યુવાનોએ અંદરો અદર વિચારણા કરી સરકારી તંત્ર કે અન્ય સંસ્થાકીય મદદની આશા રાખ્યા વગર જ જાતે સાફસફાઈ કરવા નિર્ણય કર્યો હતો. સતત પાંચ પાંચ દિવસ સુધી આ યુવાનોએ નદીના વિશાળ પટમાં તેમનું અભિયાન હાથ ધર્યું હતું. પાંચ દિવસના અથાગ પરિશ્રમ દ્વારા તેમણે સહેલાણીઓ દ્વારા ફેંકવામાં આવેલો કચરો, પ્લાસ્ટિકની થેલીઓ, નાસ્તા બિસ્કીટના ખાલી રેપરો, નદીમાં વિસર્જીત કરાયેલ મૂર્તિઓનો ભંગાર, પૂજાપો, ચુંદડી, નાડાછડી, શ્રીફળ વગેરે જેવી તમામ નકામી ચીજવસ્તુઓ અને કચરો એકત્ર કર્યો હતો. ખંડિત મૂર્તિઓનો તેમણે આદરપૂર્વક યોગ્ય નિકાલ કર્યો હતો અને તમામ કચરાનો પણ નિકાલ કરી સમગ્ર પટને એકદમ સ્વચ્છ બનાવી દીધો છે. દેશના ભવિષ્યના જવાબદાર નાગરિક રૂપે પોતાની જવાબદારી સમજી યુવાનોએ જે ઉમદા કાર્ય કર્યુ છે તે જોઈ યુવાનોને ‘બગડી ગયેલી પેઢી’ ગણતા ટીકાકાર વર્ગને અચંબામાં મુકી દીધો છે. આ યુવાનોના શ્રમયજ્ઞને જોઈ મુલાકાતીઓ ‘વાહ વાહ’ પોકારી ઉઠયા હતા અને તેમને શાબાશી પાઠવી હતી.

## વસંતકુંવરબા શાળાના બાળકોએ બદ્રીનાથ ધામના દર્શન કર્યા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સે-૨૩ સ્વામિનારાયણ મંદિર ખાતે ભગવત કૃપા પર્વની ઉજવણી ચાલી રહી છે. આ ઉજવણી અંતર્ગત ‘હરિકૃપા પ્રદર્શન’નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બદ્રીનાથ ધામની આબેહુબ પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી છે. આ જોવાલાયક માણવા લાયક પ્રદર્શનની મુલાકાત શહેરના સે-૨૮ સ્થિત વસંતકુંવરબા શાળાના વિદ્યાર્થીઓએ લીધી હતી.

બાળકોમાં ધાર્મિક ભાવનાની સાથે સુટેવોનું સિંચન થાય અને ચારિત્ર્ય ઘડતરના પાઠ શીખવા મળે તે માટે બાળકોને ‘હરિકૃપા પ્રદર્શન’ની મુલાકાત કરાવી હતી. પ્રદર્શનમાં નાનકડી ફિલ્મ ચારિત્ર્ય ઘડતર વિશેની દર્શાવાઈ હતી. ભગવાન સ્વામીનારાયણ ભગવાનના જુદા જુદા અવતારો, છપૈયા ધામનું દર્શન, રોપ-વે, બદ્રીનાથ ધામ, હિમાલયની પર્વતમાળા અને ગંગા નદી સહિત સ્વચ્છતા અભિયાન પર કલાત્મક રંગોળી જોઈ બાળકો અભિભૂત થઈ ઉઠયા હતા. બદ્રીનાથ ધામમાં ભગવાન સ્વામિનારાયણના દર્શન કરી બાળકોએ ધન્યતા અનુભવી હતી. હરિભકતો દ્વારા વિવિધ પ્રકારની બનાવટોનું નિદર્શન બાળકોએ રસપૂર્વક નિહાળ્યું હતું. ભગવાનના ચરણવિંદના દર્શન કરી બાળકોએ જ્ઞાન સાથે ગમ્મતની મજા માણી હતી.

## ચિરવિદાય

- સ્વ. નલીનીબેન મુકુંદભાઈ ભાવસાર, ઉ.વ.૭૧
- સ્વ. મુળદાસ દલુરામ શ્રીમાળી, ઉ.વ.૬૨
- સ્વ. લાલજીભાઈ માવજીભાઈ વાજા, ઉ.વ.૭૪
- સ્વ. ઠાકોર રમતુજી ખોડાજી, ઉ.વ.૯૦)